# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

******************************************************

1. **કેન્દ્રીય મંત્રી નિર્મલા સિતારામણે લોકસભામાં વર્ષ 2026-27નું લાંબા ગાળાના સુધારા સૂચવતુ વિકાસલક્ષી બજેટ રજૂ કર્યું**
2. **આવકવેરાના સ્લેબને યથાવત રાખીને પહેલી એપ્રિલથી નવો આવકવેરા કાયદો અમલી બનાવવાની જાહેરાત**
3. **સુરત ડાનકુની ફ્રન્ટ કોરિડોર , સાત નવી હાઇસ્પિડ કોરિડોરની જાહેરાત કરાઇ , કૃષિક્ષેત્રમાં વિસ્તારા –AI યોજના અમલમાં મૂકાશે**
4. **મહિલા વિકાસ,સેમીકંડક્ટર, આરોગ્ય વિષયક, ટેક્ષટાઇલ્સ અને પૂર્વોત્તર રાજ્યોના વિકાસ પર બજેટમાં જોગવાઇ કરવામાં આવી**
5. **પશુ સારવાર - પશુપાલનના વિકાસ માટે વિશેષ જાહેરાત,દરેક જીલ્લાઓમાં મહિલા છાત્રાલય શરૂ કરાશે**
6. **કેન્દ્રીય બજેટની જાહેરાત દરમિયાન શેરબજારમાં ઘટાડાનો માહોલ**

,,.......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# BUDGET MAIN

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ વ્યય ૫૩ લાખ ૪૭ હજાર ૩૧૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. દેશના માળખાગત વિકાસને વેગ આપવા માટે સરકારે મૂડી ખર્ચમાં મોટો વધારો કર્યો છે , જે હવે વધીને ૧૨. ૨૧ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

કર અને કર સિવાયની આવક મળીને કુલ મહેસૂલી આવક અંદાજે ૩૫.૩૩ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે . કેન્દ્રના ચોખ્ખી કરવેરા આવકમાં વૃદ્ધિ જોવા મળી છે, જે હવે આશરે ૨૮.૬૬ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.

રાજકોષીય શિસ્ત જાળવી રાખતા , સરકારે રાજકોષીય ખાધને જીડીપીના ૪.૩ ટકા સુધી મર્યાદિત રાખવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે , જે પાછલા વર્ષોની સરખામણીએ સતત ઘટાડો દર્શાવે છે . આ ઉપરાંત, રાજ્યોને હસ્તાંતરિત કરવામાં આવતા કુલ સંસાધનોમાં પણ વધારો થયો છે , જે હવે અંદાજે ૨૫. ૪૩ કરોડ રૂપિયા પર પહોંચ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . .

# BUDGET 2026-2027 -1

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામણે આજે વર્ષ 2026-27ના બજેટમાં મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. જેમાં પહેલી એપ્રિલ 2026થી નવો આવકવેરા અધિનિયમ 2025 અમલમાં મૂકાશે.આ બજેટમાં ગુજરાતને લગતી પણ મોટી જાહેરાત કરવામાં આવી છે.

**(V/C – JAYESH VEGDA)**

કેન્દ્ર સરકારે પોતાના બજેટમાં ભારતના આર્થિક વિકાસની દિશા નક્કી કરતાં બજેટ 2026માં નાણામંત્રીએ કરેલી સૌથી મહત્ત્વની જાહેરાતોમાં ખેડૂતો માટે AI પ્લેટફોર્મની જાહેરાત કરી, સુરત-ડંકુની ફ્રેઇટ કોરિડોરની જાહેરાત જેમાં સુરતથી પશ્ચિમ બંગાળના ડંકુની વચ્ચે રેલવે ટ્રેક બનશે.

આ રેલવે ટ્રેક માત્ર માલગાડીઓ માટે હશે. જેનાથી સુરતનું ટેક્સટાઇલ અને ડાયમંડ માર્કેટ વધુ કાર્યક્ષમ બનશે અને સીધુ પૂર્વીય ભારત સાથે ઝડપથી જોડાશે. ટ્રક કરતાં ટ્રેન દ્વારા માલ મોકલવો સસ્તો અને ઝડપી થતાં સુરતના વેપારીઓને ફાયદો થશે. જામનગર સ્થિત પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરાશે..

જ્યારે સાત નવી હાઇ સ્પીડ રેલ કોરિડોરની પણ મહત્વપૂર્ણ જાહેરાત કરાઇ છે.. જેમાં . મુંબઈ-પૂણે.. પૂણે-હૈદરાબાદ,. હૈદરાબાદ-ચેન્નઈ,.હૈદરાબાદ-બેંગલુરુ,.ચેન્નઈ-બેંગલુરુ ,.દિલ્હી-વારાણસી,.વારાણસી-સિલિગુડીનો સમાવેશ થાય છે.. આ ઉપરાંત લોથલ અને ધોળાવિરાને સાસ્કૃતિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જોગવાઇ કરવામાં આવી છે.. માળખાગત વિકાસ કાર્યો માટે ૧૨.૫

<u>લાખ કરોડ મૂડી ખર્ચ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાયો છે..મેડિકલ ટુરીઝમને પ્રમોટ કરવા માટે દેશમાં પાંચ રિજનલ મેડિકલ હબનું થશે નિર્માણ</u>

- <u>આયુર્વેદ સેવાઓ માટે દેશમાં ત્રણ નવી એઇમ્સનું નિર્માણ.૧૫૦૦ શાળાઓ અને ૫૦૦ કોલેજમાં કન્ટેન્ટ ક્રિએટર લેબ સ્થ પાશે..દેશના દરેક જિલ્લામાં એક ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ થશે..</u>

જયેશ વેગડા,આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . . . . . . . . .

# BUDGET 2026-2027-2

આજે લોકસભામાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ કરવામાં આવ્યું. સાંભળીએ એક અહેવાલ.....

(V/C – કરણ મકવાણા .....)

અંદાજપત્ર રજૂ કરતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે છેવાડાના અને અંતરિયાળ વિસ્તારોને જોડવા માટે સી-પ્લેનના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવશે , જેનાથી પર્યટન અને કનેક્ટિવિટી બંને મજબૂત બનશે. તેમણે દેશના ચાર દરિયાકાંઠાના રાજ્યો ઓડિશા , કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં સમર્પિત 'રેર અર્થ કોરિડોર' સ્થાપવાની દરખાસ્ત રજૂ કરી.

નાણામંત્રીએ જણાવ્યું કે સરકાર કાપડ ક્ષેત્રમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ માટે , સરકાર "મહાત્મા ગાંધી હેન્ડલૂમ યોજના" શરૂ કરશે . જળમાર્ગ ક્ષેત્રે નિષ્ણાતો તૈયાર કરવા માટે પ્રાદેશિક સ્તરે 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ એક્સલન્સ' તરીકે ઓળખાતી તાલીમ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવશે. મેડિકલ ટુરીઝમના પ્રોત્સાહન માટે દેશમાં પાંચ રિજનલ મેડિકલ હબનું નિર્માણ થશે . ગુજરાતના ધોળાવીરાને વાઇબ્રન્ટ એક્સપિરિયન્સીયલ કલ્ચરલ સેન્ટર બનાવાશે.

કરણ મકવાણા,આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . . . . . . . . .

# BUDGET INCOMETAX

આવકવેરા અંગેની બજેટમાં જાહેરાત કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે આવકવેરા ફોર્મ સરળ બનાવવામાં આવશે. નવા કાયદામાં ટેકનિકલ ભૂલો માટે દંડને દંડથી બદલવાનો પ્રસ્તાવ છે. નાના કર ગુનાઓ પર જ દંડ લાગશે. વિદેશ મુસાફરી પર કર ઘટાડવામાં આવશે. વિદેશ મુસાફરી માટે TCS દર ઘટાડીને 5% કરવામાં આવ્યો છે. 31 જુલાઈ સુધી રિટર્ન ફાઇલ કરી શકાય છે. આ કાયદામાં અઘોષિત આવકને 1 કરોડ સુધી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ છે.

આવકવેરા રિટર્ન ( ITR) ભરવા માટેના ફોર્મને સરળ બનાવવામાં આવશે જેથી સામાન્ય કરદાતા પણ આસાનીથી રિટર્ન ફાઈલ કરી શકે. ટેકનિકલ ખામીઓ બદલ હવે સજાને બદલે માત્ર દંડની જોગવાઈ કરવામાં આવી છે. નાના ટેક્સ ગુનાઓ માટે જેલની સજા નહીં , પણ માત્ર આર્થિક દંડ લાગશે.વિદેશ પ્રવાસ પર લાગતા ટેક્સમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વિદેશ યાત્રા માટે TCSનો દર ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. અઘોષિત આવકની મર્યાદા વધારીને 1 કરોડ રૂપિયા સુધી કરવાનો પ્રસ્તાવ છે , જેનાથી કાયદાકીય ગૂંચવણો ઓછી થશે. કરદાતાઓ 31 જુલાઈ સુધી પોતાનું રિટર્ન ફાઈલ કરી શકશે.

. . . . . . . . . . . . . . . . . . .

# *કેન્દ્રીય બજેટની મહત્વની જાહેરાતો જોઇએ તો*

- બેકિંગ સેક્ટરમાં સુધારા યથાવત રહેશે

- વિકસિત ભારત અંતર્ગત બેન્કિંગ સેક્ટરમાં સુધારા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના

- સરકારી અને ખાનગી બેંકો માટે નવા એએચપીની રચના – પાંચ વર્ષમાં નવા એએચપી બનશે

- - વિદેશી ભંડોળ વ્યવસ્થાપનના નિયમોની વ્યાપક સમીક્ષા

- મોટા શહેરોમાં મ્યુનિસિપલ બોન્ડની જોગવાઇ કરાશે

- એક હજાર કરોડથી વધુના એકલ બોન્ડ માટે 100 કરોડનો પ્રસ્તાવ

- ગ્રામ્ય વિદ્યુતિકરણ નિગમમાં સુધારણા

- વ્યક્તિક પીઆરઓઇના રોકાણને વધુ સુગમ બનાવાશે

- સેમિકન્ડકરના વિકાસ માટે આઇએસએમ 2.0 શરૂ કરાશે

- દસ વર્ષના પ્રયાસ બાદ દસ કરોડ નાગરિકો ગરીબી રેખાથી બહાર આવ્યા

- યુવાનોના વિકાસ માટે સેવા ક્ષેત્રનો વિસ્તાર કરાશે

- વૃધ્ધોની આરોગ્ય સુખાકારી માટે સક્ષમ ઇકોસિસ્ટમ બનશે

- શિક્ષણથી રોજગારી માટે વધુ પગલાં લેવાશે

- ખાનગી ક્ષેત્રના સહયોગ સાથએ નવા પાંચ ક્ષેત્રિય આરોગ્ય સંસ્થાન કાર્યરત કરાશે

- આયુર્વેદ સારવાર પધ્ધતિને વધુ કાર્યક્ષમ બનાવાશે – વધુ ઉત્પાદનોને પ્રોત્સાહન અપાશે

- જામનગરમાં WHO વૈશ્વિક પરંપરાગત ઉપચાર કેન્દ્રને અપગ્રેડ કરાશે  સ્થપાશે

- પશુ સારવાર માટે પર વધુ ભાર – ખાનગી ક્ષેત્રના સહયોગ સાથે વધુ કેન્દ્રો પૂર્વ ભારતમાં નવા એનઆઇડી સંસ્થાનોની સ્પાથના કરાશે
- મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોર માટે પાંચ યુનિ.ની જોગવાઇ
- ઉચ્ચ શિક્ષણ એસટીઈમ માટે દરેક જીલ્લાઓમાં મહિલા છાત્રાલય શરૂ થશે
- ખગોળ વિજ્ઞાને પ્રોત્સાહિત કરવા ચાર ટેલિસ્કપ ઇન્ફ્રા ફેસિલિટી ઉભી કરાશે
- 20 લોકપ્રિય પ્રવાસન સ્થળો ઉપર 10 000ગાઇડના માર્ગદર્શન માટે વ્યવસ્થા
- ઓરિસ્સા, કર્ણાટકમાં ટર્ટલ ટ્રેઇલ્સ
- આન્ધપ્રદેશ, તામિલનાડુમાં બર્ડ વોચિંગ ટ્રેઇલ્સ
- લોથલ,ધોળાવીરા સહિત 15 પુરાતત્વિય સ્થળોનો સાંસ્કૃતિક સ્થળ તરીકે વિકાસ કરાશે
- આગામ દશક માટે રમતગમતના પ્રોત્સાહન માટે ખેલો ઇન્ડિયા મિશનનો આરંભ
- ટ્રેકિંગ અને હાઇકિંગ ક્ષેત્રનો વિકાસ કરવાની યોજના
- મત્સ્ય ઉદ્યોગ માટે પાંચસો જેટલા સરોવર અને અમૃત સરોવરના એકિકરણની યોજના
- પશુપાલન માટે લોન આધારિત સબસિડી અમલમાં મૂકાશે
- પશુપાલન ઉદ્યોગનું સંવર્ધન અને આધુનિકિકરણ કરાશે
- સમદ્રકિનારાના પ્રદેશોમાં નારિયેળ, કાજુ, ચંદનનુ વાવેતર કરાશે
- નારિયેલ સંવર્ધન યોજના અમલમાં મૂકાશે
- ભારતીય કાજૂ અને કોકો માટે કાર્યક્રમ લાગુ કરાશે
- ઉચ્ચ મુલ્યો વાળા પાકને સહાયતા કરાશે
- ભારતીય ચંદનના લાકડાના ગરિમા અને તેના પુર્નસ્થાપન સાથે રાજ્યો સાથે સહયોગ વધારાશે

- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો વ્યાપ વધારાશે.. કૃષિક્ષેત્રમાં વ્યાપક ઉપયગો કરાશે
- દેશમાં ૭ હાઈસ્પીડ રેલ કોરીડોરનું થશે નિર્માણ.
- માળખાગત વિકાસ કાર્યો માટે ૧૨.૫ લાખ કરોડ મૂડી ખર્ચ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- મેડિકલ ટુરીઝમને પ્રમોટ કરવા માટે દેશમાં પાંચ રિજનલ મેડિકલ હબનું થશે નિર્માણ
- આયુર્વેદ સેવાઓ માટે દેશમાં ત્રણ નવી અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનનું નિર્માણ
- જામનગર સ્થિત પરંપરાગત ચિકિત્સા કેન્દ્રને અપગ્રેડ કરાશે

# REACTION ON BUDGET

કેન્દ્રીય બજેટમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો-**MSME** ને પ્રોત્સાહન આપવા માટે નાણામંત્રીએ **MSME** ક્ષેત્રને ભારતીય અર્થતંત્રનું 'મહત્વનું એન્જિન' ગણાવતા ૧૦ હજાર કરોડ રૂપિયાના **'SME** ગ્રોથ ફંડ'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ અંગે પ્રતિક્રિયા આપતા **PHD** ઉદ્યોગ અને વેપારમંડળના સીઈઓ અને સેક્રેટરી જનરલ ડૉ.રણજિત મહેતાએ આ પગલાને બિરદાવ્યું છે.

**(Byte - Dr. Ranjit Mehta, CEO and Secretary General of PHD Chamber of Commerce and Industry)**

. . . . . . . . . . . . . . . . . . . .

# MARKET DOWN

કેન્દ્રીય બજેટની રજૂઆત દરમિયાન ભારતીય શેરબજારમાં ઘટાડાનો દોર શરૂ થયો હતો.. બજેટને કારણે રવિવારે કાર્યરત રહેલા શેરબજારમાં બજેટની રજૂઆત અગાઉ વધારોનો દોર શરૂ થયો હતો પરંતુ બજેટ રજૂ થતાની સાથે જ માર્કેટમાં બે હજાર કરતાં વધુ પોઇન્ટનો કડાકો થયો હતો.. જેમ જેમ બજેટની રજૂઆત થતી ગઇ તેમ તેમ ઘટાડો ઓછો થતો હતો. જોકે હાલમાં પણ માર્કેટમાં કડાકોનો દર યથાવત છે અને સેન્સેક્સ 800 અને નિફ્ટીમાં 300 પોઇટનો કડાકો છે..

. . . . . . . . . . . . . . . . . . .

# FM – PREZ

બજેટ રજૂ કરતાં અગાઉ સંસદમાં કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 રજૂ થાય તે પહેલાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક સંસદ ભવનના સંકુલમાં મળી હતી. બેઠક દરમિયાન અંદાજપત્ર દસ્તાવેજને મંજૂરી આપવામાં આવી હતી. મંત્રીમંડળની બેઠક પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

દરમ્યાન આજે વહેલી સવારે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. પરંપરા મુજબ , રાષ્ટ્રપતિએ નાણાંમંત્રીને દહીં અને ખાંડ ખવડાવી શુભેચ્છાઓ પાઠવી હતી. નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરી અને નાણાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર હતા.

નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ ત્રીજું બજેટ હશે. શ્રીમતી સીતારમણ 2019માં પદ સંભાળ્યા બાદ સતત નવમું કેન્દ્રીય બજેટ રજૂ કરશે. સંસદમાં બજેટ ભાષણ પછી , બજેટ દસ્તાવેજ યુનિયન બજેટ મોબાઇલ એપ અને વેબસાઇટ પર ઉપલબ્ધ થશે. નાણામંત્રી દેશભરની આશરે 30 કોલેજોના વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરશે. 28 જાન્યુઆરીથી શરૂ થયેલ બજેટ સત્ર 2 એપ્રિલ સુધી ચાલુ રહેશે.

. . . . . . . . . . . . . . . . . . .

# LS-FM-16TH-FC-REPORT

**નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં 2026-2031 ના સમયગાળા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરવેરા આવકના વિતરણ અંગે 16મા નાણાપંચનો અહેવાલ રજૂ કર્યો. બંધારણના અનુચ્છેદ 280 હેઠળ સ્થાપિત નાણાપંચ એક બંધારણીય સંસ્થા છે જે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે કરવેરા આવકના વિતરણની ભલામણ કરે છે. કેન્દ્ર દ્વારા વસૂલવામાં આવતા સેસ અને સરચાર્જ વિભાજ્ય પૂલનો ભાગ નથી. આ કમિશનની રચના સમયાંતરે કરવામાં આવે છે અને તે કેન્દ્ર-રાજ્ય નાણાકીય સંબંધો પર ભલામણો કરે છે.**

. . . . . . . . . . . . . . . . . . . .

# GST COLLECTION – JANUARY

જાન્યુઆરી 2026માં વસ્તુ અને સેવા કર **GST**ની કુલ વસૂલાત એક લાખ 93 હજાર કરોડ રૂપિયાને વટાવી ગઈ છે. જાન્યુઆરી 2025ની સરખામણીમાં આ 6.2 ટકાનો વધારો છે.

જાન્યુઆરીમાં કેન્દ્રીય **GST** 38 હજાર 92 કરોડ રૂપિયા અને રાજ્ય **GST** સંગ્રહ **47** હજાર 817 કરોડ રૂપિયા હતું. ઇન્ટિગ્રેટેડ **GST (IGST)** એક લાખ 6 હજાર 775 કરોડ હતું.

. . . . . . . . . . . . . . . . . . . .